# રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદ

પોડીયમ લેવલ, કૃષિ ભવન, સેકટર- ૧૦ એ,
ગાંધીનગર - ૩૮૨૦૧૦

ફોન નં.: ૦૭૯-૨૩૨૪૧૦૫૨, ફેક્સ નં.: ૦૭૯-૨૩૨૪૧૦૫૩, E-mail : saucouncil@gmail.com

તા.૧૮/૦૮/૨૦૨૦

જા. નં. કૃયુકા/ ૫૫૩-૫૭/૨૦૨૦.

Office of the Registrar
A.A.U., ANAND.
15 SEP 2020
INWARD NO. 5835

પ્રતિ,
નિયામકશ્રી(ઇ.ડી.પી. સેલ),
હિસાબ અને તિજોરી નિયામકની કચેરી,
ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૭,
ગાંધીનગર

વિષય : સાતમા પગાર પંચના પે મેટ્રીક્ષમાં સુધારા કરવા બાબત.

સંદર્ભ : ૧.અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:કૃયુકા/૨૦-૨૫/૨૦૨૦, તા.૧૩/૦૧/૨૦૨૦.
૨.આપની કચેરીના પત્ર ક્રમાંક:હિતિનિ/ઇડીપી/પગારપંચ/૩૯૪, તા.૦૪/૦૨/૨૦૨૦
૩.અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:કૃયુકા/૧૬૬/૨૦૨૦, તા.૨૫/૦૨/૨૦૨૦.
૪.કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગરના તા.૪/૮/૨૦૨૦ના પત્ર ક્રમાંક: ગકવ/૧૬૨૦૨૦/૨/ક-૨

શ્રીમાન,

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, આપના સંદર્ભીત પત્ર-૨થી રાજયની કૃષિ યુનિવર્સિટીઓના શૈક્ષણિક સંવર્ગના અધિકારીઓને કેન્દ્રીય સાતમા પગારપંચ સંદર્ભે પે મેટ્રીક્ષ ટેબલમાં લેવલના સેલમાં સુધારા બાબતે વિભાગ મારફતે નાણા વિભાગનુ સમર્થન મેળવ્યા બાદ આપની કચેરીએ આધારસહ દરખાસ્ત કર્યા બાદ IFMS હેઠળના પગાર બાંધણી મોડયુલમાં સુધારો કરી શકાય તેમ જણાવેલ હતું. જે પરત્વે આ કચેરીના સંદર્ભીત પત્ર-૩થી કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગરમાં દરખાસ્ત રજુ કરેલ હતી. તેથી વિભાગના સંદર્ભીત પત્ર-૪થી ICARના તા.૨૭/૩/૧૮ના પત્ર ક્રમાંક F.No.1(4)/2017-Per.IV સાથેના એનેક્ષર-૧માં લેવલ-૧૨માં હરોળ-૩માં ૮૪,૧૦૦ના સ્થાને ૮૪,૭૦૦; લેવલ-૧૩-એ માં હરોળ-૧૬માં ૨,૦૪,૧૦૦ના સ્થાને ૨,૦૪,૭૦૦ અને લેવલ-૧૪માં હરોળ-૯માં ૧,૮૨,૧૦૦ના સ્થાને ૧,૮૨,૭૦૦ મુજબનો સુધારો તેઓના તા.૧૯/૦૬/૨૦૧૮ના પત્ર ક્રમાંક F.No.1(4)/2017-Per.IVથી કરવામાં આવેલ છે. જે મુજબના સુધારા રાજય કૃષિ યુનિવર્સિટી અને રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદના શૈક્ષણિક સંવર્ગોને સાતમા પગાર પંચના પે મેટ્રીક્ષમાં કરવા નાણા વિભાગની અનુમતિ બાદ મંજુરી આપવામાં આવેલ છે. જેને આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. તે મુજબના સુધારા કરવા ઓન લાઇન પગાર બાંધણી/ચકાસણી સોફટવેર(IFMS)માં કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસું,

સહ પ્રાધ્યાપક અને કચેરી વડા

% બિડાણ:- ઉપર મુજબ

નકલ સવિનય રવાના જાણ અને ઘટતુ થવા સારૂ:-

કુલસચિવશ્રી, કૃષિ યુનિવર્સિટી, આણંદ/જૂનાગઢ/નવસારી/સરદારકૃષિનગર

## આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ-૩૮૮ ૧૧૦

**નકલ સવિનય રવાના જાણ તથા અમલ થવા સારૂ.**

(૧) હિસાબ નિયામકશ્રી, આ.કૃ.યુ. આણંદ

(૨) તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ.

૨/.....જાણ તથા રાજય કૃષિ યુનિવર્સિટી પરીષદના શૈક્ષણિક સંવર્ગોને સાતમા પગાર પંચના પે મેટ્રીક્ષમાં સુધારો કરવામાં આવેલ છે તે જાણ અર્થે મોકલી આપવામાં આવે છે.

**નં. આકૃયુ/રજિ/સંકલન/૫૦૬૫/૨૦૨૦**
**તા.[illegible]/૦૯/૨૦૨૦**

**કુલસચિવ**

**નકલ રવાના:**

આ કચેરીની એડીએમ શાખા-૧ તરફ જાણ સારૂ.

સત્યમેવ જયતે
Government of Gujarat

ક્રમાંકઃ- ગકવ-૧૬૨૦૨૦-૨-ક-૨
ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૦૪/૦૮/૨૦૨૦
ફોનઃ-૦૭૯-૨૩૨૫૦૮૨૫
ઈ-મેઈલ- so-k2-agri@gujarat.gov.in

પ્રતિ,
સહપ્રાધ્યાપકશ્રી,
રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરીષદ, કૃષિ ભવન,
સેક્ટર-૧૦/એ, ગાંધીનગર

વિષયઃ સાતમા પગાર પંચના પે મેટ્રીક્ષમાં સુધારા કરવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વેના આપના તા.૧૭/૭/૨૦૨૦ના પત્ર ક્રમાંકઃ કૃયુકા/૪૭૦/૨૦૨૦ અન્વયે જણાવવાનું કે, આઇ.સી.એ.આર. (Indian Council of Agricultural Research)ના તા.૨૭/3/૨૦૧૮ના પત્ર ક્રમાંકઃ F.No.1(4)/2017-Per.IV સાથેના એનેક્ષર-૧ માં લેવલ-૧૨માં હરોળ-3 માં ૮૪,૧૦૦ ના સ્થાને ૮૪,૭૦૦ ; લેવલ-૧૩-એ માં હરોળ-૧૬માં ૨,૦૪,૧૦૦ ના સ્થાને ૨,૦૪,૭૦૦ અને લેવલ-૧૪ માં હરોળ-૯ માં ૧,૮૨,૧૦૦ ના સ્થાને ૧,૮૨,૭૦૦ મુજબનો સુધારો તેઓના તા.૧૯/૬/૨૦૧૮ના પત્ર ક્રમાંકઃ F.No.1(4)/2017-Per.IV થી કરવામાં આવેલ છે. જે મુજબના સુધારા રાજ્ય કૃષિ યુનિવર્સિટી અને રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદના શૈક્ષણિક સંવર્ગોને સાતમા પગાર પંચના પે મેટ્રીક્ષમાં કરવા મંજુરી આપવામાં આવે છે. સદરહુ મંજુરી સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૯/3/૨૦૨૦ની અનુમતિ બાદ આપવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,

(કે.આર.બારોટ)
સેક્શન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

નકલ રવાના:
(૧) સિલેક્ટ ફાઇલ (શાખા સંગ્રહ)
(૨) નાયબ સેક્શન અધિકારી (સિલેક્ટ ફાઇલ)